# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 22-07-2024 બપોર : 1.20 થી 1.30

વાર : સોમવાર

## આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

- ✓ કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે વર્ષ 2024 – 25 માટેનું આર્થિક સર્વેક્ષણ રજૂ કર્યું
- ✓ સર્વોચ્ચ અદાલતે નીટ યૂજી પેપર લીક મામલે રાષ્ટ્રીય તપાસ એજન્સીને સવાલો પૂછ્યા
- ✓ 2025ના પદ્મ પુરસ્કારો માટે આગામી 15મી સપ્ટેમ્બર સુધી ઉમેદવારી નોંધાવી શકાશે.
- ✓ અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઇડને રાષ્ટ્રપતિ પદની આગામી ચૂંટણીમાંથી ઉમેદવારી પરત ખેંચી -
- ✓ ઉત્તર ભારતમાં આજથી શ્રાવણ માસનો પ્રારંભ - હજારોની સંખ્યામાં કાવડયાત્રીઓ હરિદ્વાર, ગૌમુખ, ગંગોત્રી તરફ આગળ વધી રહ્યા છે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# ECONOMIC SURVEY

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે આજે સંસદમાં વર્ષ 2024-25 માટેનું આર્થિક સર્વેક્ષણ રજૂ કર્યું. આ સર્વેક્ષણમાં વર્ષ 2023-24નો વિકાસ દર 6.52 થી વધારીને વર્ષ 2024-25માં 7 ટકા થવાનું અનુમાન છે.

આર્થિક સર્વેક્ષણ પ્રમાણે વૈશ્વિક સ્તરે અસ્થિરતા છતાં પ્રાદેશિક પરિબળોને કારણે વર્ષ 2023-24માં આર્થિક વિકાસને બળ મળ્યું. આ સર્વેક્ષણમાં કહેવાયું છે કાપડ અને સેવા ક્ષેત્રે નિકાસમાં મોટો ઉછાળો આવ્યો છે. વધુમાં કહેવાયું છે કે **GST** સહિતના કર માળખામાં તબક્કાવાર થયેલા સુધારાઓને કારણે નોંધનીય પરિણામો મળ્યા છે. શ્રી સીતારમણે સર્વેક્ષણ રજૂ કરતા જણાવ્યું કે ભારતીય બજારોમા વિદેશી રોકાણમાં મહત્વપૂર્ણ વધારો થયો છે.

આર્થિક સર્વેક્ષણ **નાણા મંત્રાલયના આર્થિક વિભાગના મુખ્ય આર્થિક સલાહકાર ડૉ. વી. અનંત નાગેશ્વરનની દેખરેખ હેઠળ તૈયાર કરવામાં આવ્યો છે. લોકસભામાં આર્થિક સર્વેક્ષણ રજૂ થયા બાદ મુખ્ય આર્થિક સલાહકાર પત્રકારોને સંબોધન કરશે.**

## BUDGET SESSION

આજથી સંસદનું બજેટ સત્ર શરૂ થયું છે. આગામી 12 ઓગસ્ટ સુધી ચાલનારા આ સત્રમાં કુલ 16 બેઠકો થશે.

આકાશવાણી દિલ્હીના અમારા સંવાદદાતા જણાવે છે કે આ સત્ર મુખ્યત્વે 2024-25 માટેના કેન્દ્રીય બજેટને લગતા નાણાકીય વ્યવહારોને સમર્પિત રહેશે.

નાણામંત્રી નિર્મલા સીતારમણ આવતીકાલે કેન્દ્રીય બજેટ રજૂ કરશે. આ સાથે જ કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરનું વર્ષ 2024નું બજેટ પણ રજૂ કરાશે. સરકાર આ સત્ર દરમિયાન છ નવા ખરડા રજૂ કરે તેવી શક્યતા છે.

## PARL-PM EARLY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે પત્રકારો સાથે વાત કરતાં કહ્યું કે આ બજેટ અમૃતકાળનું મહત્વનું બજેટ છે અને તે આગામી પાંચ વર્ષનું ચિત્ર સ્પષ્ટ કરશે. તેમણે કહ્યું કે દે આઠ ટકા વૃદ્ધિ દર સાથે આગળ વધી રહ્યો છે. શ્રી મોદીએ વિરોધ

પક્ષોને નકારાત્મક રાજનીતિથી દૂર રહેવાની અપીલ કરતાં આ સત્ર સકારાત્મક અને રચનાત્મક બને તેવી શુભેચ્છા પાઠવી હતી.

## NEET SC

નીટ-યુજી કથિત પેપર ગેરરીતિ મામલે સુનાવણી કરતા સર્વોચ્ચ અદાલતે રાષ્ટ્રીય તપાસ સંસ્થા-NTA ને કેટલાક સવાલોના જવાબ આપવા જણાવ્યું છે. અદાલત સમક્ષ NTAએ સ્વીકાર્યું કે આઠ જેટલા કેન્દ્રોમાં ખોટા પેપર અપાયા હતા, જોકે તેમનું સ્તર, મૂળ પ્રશ્નોપત્રો જેટલું જ હતું. આથી એનટીએ એ  વિદ્યાર્થીઓને ખોટા પ્રશ્નપત્રો આપવાનું જ યોગ્ય માન્યું. એનટીએ કાઉન્સિલે સ્વીકાર્યું કે કેનરા બેંકના પેપર વાળા ઉમેદવારોની સંખ્યા 3000થી થોડી વધારે છે. મુખ્ય ન્યાયાધીશે કહ્યું કે વ્યાપક સ્તરે પેપર લીક થયા હોવાના હજી સુધી કોઈ પુરાવા નથી.

મુખ્ય ન્યાયાધીશ ડી. વાય. ચંદ્રચૂડ અને ન્યાયાધીશ જે. બી પારડીવાલા તેમજ ન્યાયાધીશ મનોજ મિશ્રાની ખંડપીઠે પુન પરીક્ષા કરાવવા અંગેની 40 અરજીઓની સુનાવણી કરી રહી છે. આ પૂર્વે સર્વોચ્ચ અદાલતે રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી-  ટ-યૂજી 2024ના તમામ પરીક્ષાર્થીઓના પરિણામો, ગત શનિવારે વેબસાઇટ પર મૂકવા જણાવ્યું હતું.

## LS-NEETPAPER LEAK

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને સંસદમાં જણાવ્યું કે નીટ યૂજી પેપર લીક માત્ર પટણામાં થયા હતા. લોકસભામાં પ્રશ્નકાળ દરમિયાન જવાબ આપતા તેમણે ઉમેર્યું કે સીબીઆઈ આ મામલે તપાસ કરી રહી છે અને સમગ્ર મામલો સર્વોચ્ચ અદાલતને આધિન છે.

દેશભરમાં પેપર લીકની ઘટનાઓ સામાન્ય હોવાના વિપક્ષના દાવાને તેમણે ફગાવી દીધો. તેમણે કહ્યું કે દેશભરના 4 હજાર, 700 કેન્દ્રોમાં નીટ યુજીની પરીક્ષા લેવાઈ હતી, જેમાંથી માત્ર એક કેન્દ્રમાં ગેરરીતિના અહેવાલ છે. આ પૂર્વે

વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ દેશમાં પરીક્ષા વ્યવસ્થાને લઈને સવાલો ઉઠાવ્યા હતા. રાહુલ ગાંધીએ કહ્યું કે દેશના વિદ્યાર્થીઓ તેમના ભવિષ્યને લઈને ચિંતિત છે. વિપક્ષી દળોના અન્ય સાંસદ અખિલેશ યાદવ, એનકે પ્રેમાચદ્રને પણ પેપર લીકનો મુદ્દો ઉઠાવ્યો હતો. રાજ્ય સભાની શરૂઆત થતાં જ કોંગ્રેસ અને સાથી પક્ષોએ કાવડ યાત્રાના માર્ગ પર નામની તખ્તી લગાવવા મામલે સ્થગિત પ્રસ્તાવ રજૂ કર્યો હતો. જેને સભાપતિ જગદીપ ધનખડે ફગાવી દીધો હતો.

## HOME- PADMA AWARD

2025ના પદ્મ પુરસ્કારો માટે  આગામી 15મી સપ્ટેમ્બર સુધી ઉમેદવારી નોંધાવી શકાશે. પદ્મ પુરસ્કારો, એટલે કે, પદ્મ વિભૂષણ, પદ્મ ભૂષણ અને પદ્મ શ્રી, દેશના સર્વોચ્ચ નાગરિક પુરસ્કારોમાંના એક છે. 1954 થી શરૂ કરાયેલા આ પુરસ્કારો દર વર્ષે પ્રજાસત્તાક દિવસે જાહેર કરવામાં આવે છે.

આ પુરસ્કાર કલા, સાહિત્ય અને શિક્ષણ, રમતગમત, દવા, સામાજિક કાર્ય, વિજ્ઞાન અને એન્જિનિયરિંગ, વેપાર અને ઉદ્યોગમાં વિશિષ્ટ અને અસાધારણ સિદ્ધિઓ માટે આપવામાં આવે છે.

## *MID BREAK- NEWS- NATIONAL*

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.**

**વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABADને ફોલો કરી શકો છો...**

## SIKSHA SAPTAH

શિક્ષણ અને સાક્ષરતા વિભાગ દ્વારા આજથી દેશભરની શાળાઓમાં શિક્ષણ સપ્તાહ’ની શરૂઆત કરાઈ છે. જે 28 જુલાઈ સુધી ચાલશે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020માં સૂચવાયેલા શિક્ષણ સુધારાઓ અંગે શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓ સહિત અન્ય

લાભાર્થીઓ વચ્ચે સહકાર વધારવાના હેતુ સાથે આ સપ્તાહની ઉજવણી થશે. જેમાં પ્રત્યેક દિવસ જુદા જુદા વિષય વસ્તુ જેવા કે - શિખવા-શિખવવાની સામગ્રીનો દિવસ, મૂળખાગત સાક્ષરતા અને આંકડા દિવસ, રમત-ગમત દિવસ અને સાંસ્કૃતિક દિવસ તરીકે ઉજવાશે.

## JO BIDEN

અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડન આગામી નવેમ્બરમાં યોજાનારી ચૂંટણીમાં પ્રમુખપદની રેસમાંથી ખસી ગયા છે. આ જાહેરાત ગઈકાલે રાત્રે બાઈડન તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર પોસ્ટ કરેલા પત્રમાં કરી હતી. બાઈડન પત્રમાં જણાવ્યું હતું કે  રાષ્ટ્રપતિ તરીકે સેવા આપવી એ તેમના જીવનનું સૌથી મોટું સન્માન છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ડેમોક્રેટિક પાર્ટી અને રાષ્ટ્રના શ્રેષ્ઠ હિતમાં, તેમના બાકીના કાર્યકાળ માટે રાષ્ટ્રપતિ તરીકેની તેમની ફરજો નિભાવવી સર્વોપરી છે.

રાષ્ટ્રપતિએ કહ્યું કે તેઓ આ અઠવાડિયાના અંતમાં તેમના નિર્ણય વિશે વધુ વિગતવાર વાત કરશે. તેમણે ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસને રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર તરીકે સમર્થન આપ્યું છે. જૂન 28 ના રોજ ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અને રિપબ્લિકન ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પ સાથેની ચર્ચા બાદથી જ રાષ્ટ્રપતિ બાઈડન પર રાષ્ટ્રપતિની ચૂંટણીની રેસમાંથી ખસી જવા માટે તેમના ઉપર  દબાણ વધી રહ્યું હતું. કોવિડ -19 નું નિદાન થયા પછી તે હાલમાં ડેલવેરમાં તેમના ઘરે આરામ કરી રહ્યાં છે.

## KAWAR YATRA

ઉત્તર ભારતમાં આજથી શ્રાવણ માસનો પ્રરંભ થયો છે. હજારોની સંખ્યામાં કાવડયાત્રીઓ ગંગામાંથી જળ લેવા હરિદ્વાર, ગૌમુખ, ગંગોત્રી તરફ આગળ વધી રહ્યા છે. ઉત્તરાખં ડઅને ઉત્તર પ્રદેશ સરકારે આ યાત્રાને પગલે મોટા પાયે બંદોબસ્ત કર્યો છે. આ તરફ કાવડિયાઓની અવર-જવરને જોતા દિલ્હી પોલીસે પણ દિલ્હી એનસીઆરમાં ટ્રાફિકને લઈને નવી માર્ગદર્શિકા જાહેર કરી છે. આ તરફ ઝાંરખંડમાં

બાબા બૈદ્યનાથ મંદિરના દર્શનાર્થે હજારો શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા છે. બાબા બૈદ્યનાથ મંદિર 12 જ્યોર્તિલિંગોમાંનું એક છે.

અહીં જળાભિષેક કરવા માટે વહેલી સવારથી ભક્તોની ભીડ ઉમટી રહી છે. પ્રથા આનુસાર બિહારના સુલતાનગંજ ખાતે ગંગા નદીમાંથી કાવડિયા જળ લઈને, અંદાજે 105 કિલોમીટરની યાત્રા કરીને બાબાધામ પહોંચે છે. પહેલીવાર છે જ્યારે ઝારખંડ સરકાર શ્રાવણ માસમાં શ્રદ્ધાળુઓના ધસારાને જોતા આર્ટિફિશિયલ ઇન્ટેલિજેન્સ આધારતિ ટેક્નૉલોજીનો ઉપયોગ કરી રહી છે. જે દ્વારા કાવડિયાઓનું રિઅલ ટાઇમ ટ્રેકિંગ કરાઈ રહ્યું છે.

## MAHA RAIN

મહારાષ્ટ્રમાં, છેલ્લા બે દિવસમાં ભારે વરસાદને કારણે પૂર્વ વિદર્ભના કેટલાક ભાગોમાં પૂરની સ્થિતિ સર્જાઈ છે. આ દરમિયાન હવામાન વિભાગે અતિભારે વરસાદની શક્યતાને જોતા નાગપુર સહિતના કેટલાંક જિલ્લાઓમાં રેડ અલર્ટ જાહેર કર્યું છે. નાગપુર, ચંદ્રપુર અને ગઢચિરોલી જિલ્લાઓમાં શાળા-કોલેજોમાં રજા જાહેર કરાઈ છે.

દરમિયાન, ગઢચિરોલી અને ભંડારા જિલ્લાની સરહદે આવેલ વૈનગંગા નદી પર આવેલ ગોસીખુર્દ ડેમમાં વધારાના પાણીના નિકાલ માટે તમામ 33 દરવાજા એક મિટર સુધી ખોલવામાં આવ્યા. જેને પગલે નિચાણવાળા વિસ્તારોને ચેતવણી જાહેર કરાઈ છે.

દરમિયાન આજે મુંબઈમાં વરસાદનું ઓરેન્જ એલર્ટ અપાયું છે અને ભારે વરસાદના કારણે જનજીવન ખોરવાયું છે.

## KERALA NIPAH VIRUS

કેરળમાં નિપાહ વાઇરસના સંક્રમણને જોતા ભારતીય તબીબી સંશોધન સંસ્થાન - **ICMR**ની છ સભ્યોની નિષ્ણાત ટીમ કોઝિકોડપહોંચી છે. કેન્દ્રીય આરોગ્ય

મંત્રાલયે કેસોની તપાસ, દર્દીઓની ઓળખ, તેમજ તકનિકી સહાય માટે એક ટીમની રચના કરી છે, જે કેરળના આરોગ્ય વિભાગને મદદ કરશે.

કેરળના મલ્લાપુરમ જિલ્લામાં ગઈકાલે નિપાહ વાઇરસને કારણે પહેલું મોત થયુ હતું. ICMR એ મૃત સગીરના સંપર્કમાં રહેલા લોકોના નમૂનાઓનું પરીક્ષણ કરવા માટે એક મોબાઇલ લેબ પણ કોઝિકોડ઼ મોકલી આપી છે.